# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો- ઈન્ડિયા

## “વિજેતા” પ્રાર્થના કેલેન્ડર -ઓગસ્ટ ૨૦૨૩

## પો.બો. નં.૨૦૩૬,ફતેગંજ,વડોદરા -390002

(1 ) સાચી ભલાઇ - વ્હાલા ઇશ્વર, મેં સારા બનવા માટે ખુબ જ પ્રયત્ન કર્યા છે. પરંતુ હુ ગમે તેટલા પ્રયત્ન કરુ તો પણ તે કયારેય પુરતા સારા નથી. તમે જ એકલા સાચી ભલાઇના સ્ત્રોત છો તે મને બતાવ્યું તે માટે તમારો આભાર. તમે જ સારા છો મારા દ્વારા તમારા સારા અને સંપુર્ણ કાર્યો કરવા બદલ તમારો આભાર (માથ્થી 19:16-17 )

(2) અવરોધ – હે ઇશ્વર,જયારે પણ મે કાંઇપણ કરવાનો પ્રયત્ન કર્યા ત્યારે કાંઇક મને રોકતું હતું. પછી મને સમજાયું કે  મારા કારણે અવરોધ છે. મારા નિષ્ઠાવાન માનવીય પ્રયત્નો ખરેખર મારા આત્માને શાંત કરી રહ્યા હતા. તેથી હું મારા દૈહિક પ્રયત્નનો પસ્તાવો કરું છું અને  મને સશકત કરવા માટે તમારી પુરતી કુપા મેળવું છું (ગલાતી 2:21)

(3) પસંદ થયેલા – વ્હાલા ઇશ્વર, તમે મારા પ્રત્યે જે મહાન પ્રેમ  દર્શાવ્યો છે તેનાથી હું પ્રભાવિત થયો છું. આ જગતને રચ્યા પહેલાં અમને પસંદ કરવા માટે તમારા પ્રેમે તમને દોર્યા. તમે પસંદ કર્યા તે માટે તમારો આભાર. તમે મને તમારી સાથે એક થવા માટે, ખ્રિસ્તમાં પવિત્ર અને નિદોષ બનવા માટે વ્યકિતગત રીતે ખ્રિસ્તને સ્વીકારવાની તક આપી. (એફસી 1;4)

(4) ઇશ્વરના કુંટુબમાં સ્વીકાર્યા – હે ઇશ્વર, મને શામેલ કરવાની તમારી યોજનાથી હું આશ્ચર્યચકિત છું. મને તમારા કુટુંબમાં દત્તક લેવાની તમારી ઇચ્છા હતી તે માટે હું તમારો આભારી છુ. હે  ઇશ્વર પિતા, ઇસુ ખ્રિસ્ત જે મને તમારી સાથે જોડવા માટે મહત્વની કડી છે તે માટે હું તમારી સ્તુતિ કરુ છું. તમારા અદભુત જીવનમાં ભાગીદાર બનવાનો અધિકાર આપવા બદલ હું તમારો અભાર માનું છું. ( એફસી 1:6)

(5) ખ્રિસ્તમાં સ્વીકૃત – હે સ્વર્ગીય ઇશ્વરપિતા, હું તમારી બિનશરતી સ્વીકુતિ માટે તમારો આભારી છું. મને પિતા દ્વારા સ્વીકાર્ય બનાવવા માટે પ્રભુ ઇસુ તમારો આભાર મે પ્રભુ ઇસુને મારા જીવનમાં સ્વીકાર્યા ત્યારથી હવે કોઇ મારો નકાર કરશે નહીં. હવે જયારે ખ્રિસ્ત મારામાં છે. તમે મારામાં છો અને હુ ઇશ્વરના પ્રિય પુત્રમાં સ્વીકારાયો છું. (એફેસી 1:6)

(6) જયારે દુ:ખ થાય ત્યારે – કોઇને દુ:ખ થાય તેવુ ગમતુ નથી. હોસ્પિટલોમાં પિડાનું સંચાલન એ મુખ્ય પ્રાથમિકવા છે. પાઉલ પ્રેરિત શીખ્યા કે ઇશ્વરના માર્ગો આપણા નથી. અને લખ્યુ કે આપણે દુ:ખમાં પણ ગર્વ કરી શકીએ છીએ. પ્રાર્થના કરો કે પુરુષો તરીકે આપણે આપણી કસોટીઓને આપણા ચારિત્રને ઘડવામાં અને આપણો વિશ્વાસ વધારવા માટે ઇશ્વરના હથીયાર તરીકે જોઇશું (રોમન ૫:૧-૧૦)

(૭) વિપત્તિ ધીરજનું કામ કરે છે. – (રોમન :૧-૧૦) ધીરજ એ પવિત્ર આત્માનું ફળ છે (ગલાતી ૫:૨૨) ઇશ્વર આપણી ધીરજ વધારવા માટે આપણી કસોટીઓનો ઉપયોગ કરે છે. તેના ફળ ઉત્પન્ન કરવા માટે પવિત્ર આત્માથી ભરપુર થવા પ્રાર્થના કરો .

(૮) ધીરજ ચારિત્રને બાંધે છે.- (રોમન ૫:૧-૧૦) ચરિત્ર એ છે કે આપણે ખરેખર કોણ છીએ જયારે પ્રતિષ્ઠા એ છે કે બીજા લોકો આપણને શુ માને છે. જો હું ખ્રિસ્તમાં મારા ચરિત્રના બદલણ તરફ ધ્યાન રાખુ છું તો મારી પ્રતિષ્ઠા બનશે જ , ઇશ્વર કસોટીઓનો ઉપયોગ કરીને મારા જીવનમાં નમ્ર, ધીરજવાન ચરીત્ર ઉત્પન્ન કરે છે. ખંત માટે પ્રાર્થના કરશો .

(૯) ચારિત્ર આશા ઉપજાવે છે – (રોમન ૫:૧-૧૦) જેનું ઇશ્વર સાથેનૂ ચારિત્ર અને અનુભવ ઇશ્વરની આશા ના લંગરની જેમ જીવનનાં તોફાનોમાં રહે છે એવા પુરુષ બનવા માટે પ્રાર્થના કરો .

(૧૦) શાંતિ- શાંતિ એ તોફાનોની ગેરદાજરી નથી, પરંતુ ખ્રિસ્તની હાજરી છે પ્રાર્થના કરો કે પુરુષો ખ્રિસ્તની હાજરી ની જાગૃતિ કેળવે અને કોઇપણ કસોટીમાં તેમની સંગતમાં ચાલે .

(૧૧) બીજ વાવવુ- ખ્રિસ્તના અનુયાયી તરીકે, તમને સુવાર્તાના સારા બીજ વાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જો કે ફસલ માટે ઇશ્વર જવાબદાર છે. આજે તેમનો આભાર માનો કે તમે સ્વર્ગ અને પૃથ્વીના સર્જનહાર સાથે ભાગીદાર થવા લાયક છો.

(૧૨) પવિત્ર જીવન – પવિત્ર આત્મા દરરોજ આપણને ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે આપણા સ્વામીની પ્રતિમામાં રુપાંતરીત કરે છે. પરંતુ આપણે નક્કી કરીએ છીએ કે તે આપણા પર કેટલો પ્રભાવ પાડશે. પ્રાર્થના કરો કે પવિત્ર આત્મા તમારા જીવનમાં આજે વધુ સ્થાન ધરાવે. (એફસી ૫:૧૮)

(૧૩) શસ્ત્રો – આપણે ખ્રિસ્તના અનુયાયીઓ છીએ તેથી દુષ્ટ શકિવઓ સતત આપણા પર હુમલો કરી રહી છે. જો કે ઇશ્વરે આપણને એવાં શસ્ત્રો આપ્યાં છે જે આપણા શત્રુઓ કરતાં પણ વધુ મજબુત છે. “કેમકે આપણો શસ્ત્રો દૈહિક નથી... ” (૨ કરિંથીઓને ૧૦:૪) પ્રભુની સ્તુતિ થાઓ.

(૧૪) વનખેડાયેલા- વિશ્વમાં ૭૦૦૦થી વધુ લોકજૂથો  સુધી સુવાર્તા પહોંચી નથી પ્રાર્થના કરો કે મીથન સંસ્થાઓ આ લોકજુથોને  પહોંચવા સફળ  થાય. રાજયની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે. (માથ્થી ૨૪:૧૪)

(૧૫) માહિતગાર  રહો - ખ્રિસ્તના સાક્ષી, પૃથ્વી પરનું  મીઠું અને જગતના પ્રકાશ તરીકેની આપણી ભૂમિકાને પુરી કરવા માટે આપણે સમાજ સાથે જોડાવાની જરૂર છે.  સારી રીતે  માહિતગાર થવાની કાળજી રાખો અને જે સાચુ છે અને ઇશ્વરનું માન રાખે છે તે માટે બોલો, “તો હે મનુષ્યપુત્ર, મે તને ઇસ્રાએલના લોકોને માટે ચોકીદાર નીમ્યો  છે”. (હઝકીએલ ૩૩:૭ )

(૧૬) સચેત રહો – ”તમારી આંખો ઊંચી કરીને ખેતરો જુઓ કે તેઓ કાપણીને સારુ પાકી ચૂકયાં છે.” (યોહાન ૪:૩૫) આ દુનિયામાં દુષ્ટતા  વધી જવાના કારણે દુ:ખી થવાને બદલે આંખો ખુલ્લી થાય માટે પ્રાર્થના કરો. અને જે લોકો મુંઝવણમાં છે અને જવાબો  શોધી રહ્યા છે તેમના પ્રત્યે સચેત રહો. ઇશ્વરે સુવાર્તા માટે ઘણા બધા તૈયાર કર્યા છે.

(૧૭) શીખવવા પાત્ર બનો – “આવો, લોકો મારું સાંભળો ભુંડાથી દુર થા.. , અને ભલું કર, શાંતિ શોધ અને તેની પાછળ લાગ.” (ગીતશાસ્ત્ર ૩૪:૧૪) જયારે પવિત્ર આત્મા  તથા બાઇબલ તમારી સાથે વાત કરે ત્યારે શીખવા તૈયાર રહો. નમ્ર  અને ઇચ્છુક  આત્મા માટે પ્રાર્થના કરો અને શાસ્ત્ર અને સેવકો  દ્વારા કરવામાં આવતા સુધારા સ્વીકારો તે તમારા  માટે સારા છે.

(૧૮) તૈયાર રહો – (માથ્થી ૨૪:૪૪) “એ માટે તમે પણ તૈયાર રહો, કેમકે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ  માણસનો દીકરો આવશે.” જીવન નાજુક અને અનિશ્ચિત છે.  ઇશ્વરના વચન સિવાય કંઇ કાયમ ટકી રહેતું નથી ઇશ્વરની અગ્રિમતાઓ અનુસાર જીવવા માટે પ્રાર્થના કરો તેમને અને ઇશ્વરના રાજયના મુલ્યોને પ્રથમ સ્થાન આપો. પછી જયારે તે પાછા આવશે ત્યારે તમે તૈયાર હશો.

(૧૯) વિશ્વાસુ બનો, – “તો જે ચાકરને તેના ધણીએ પોતાના ઘરનાંને વખતસર ખાવાનું આપવા સારુ પોતાના ઘરનો કારભારી ઠરાવ્યો  છે. તેવો  વિશ્વાસુ તથા બુધ્ધિમાન ચાકર કોણ છે.” (માથ્થી ૨૪:૪૫) એક પુરુષ, પતિ અને પિતા તરીકે તમે તમારા કુટુંબમાં ખ્રિસ્તના સેવક અને પ્રતિનિધિ છો. ઇશ્વર સાથેના તમારા સંબધમાં અધિકૃત બનો અને ડહાપણ માટે  પ્રાર્થના કરો.

(૨૦) ભરોસાપાત્ર બનો, - “યહોવાએ મારો માર્ગ સફળ કર્યો છે, માટે તમે મને રોકશો મા.  મને  વિદાય કરો કે હુ મારા ધણી પાસે જાઉં.” (ઉત્પતિ ૨૪ :૫૬) ઇબ્રાહીમનો ચાકર દમસ્કનો એલીયાઝર તેના કાર્યમાં સંપૂર્ણ રીતે ભરોસાપાત્ર હતો. તે આપણને હંમેશાં પ્રભુની ઇચ્છાને પ્રથમ રાખવાની પ્રેરણા આપે છે. જે વિશ્વાસુપણા દ્વારા ઇશ્વરનું માન રાખે છે. તેવા પુરુષ બનવા માટે પ્રાર્થના કરો.

(૨૧) નમ્ર  બનો –“ જો તારો રાજા તારી પાસે આવે છે. તે  નમ્ર  છે અને ગધેડા પર સવાર થઇને આવે છે.” (ઝખાર્યા ૯:૯) ખરા મનુષ્યત્વનું ઉદાહરણ આપણા તારણહાર ઇસુ ખ્રિસ્ત છે. તેમણે તેમના દૈવી વિશેષાધિકારોને  બાજુએ મુકયા, પોતાને નમ્ર  કર્યા, અને વધસ્તંભ  પર તેમના મરણ  દ્વારા અમને છોડાવવા માટે આમરા જેવા બન્યા. ખ્રિસ્તને તમારા જીવનમાં દેખાવા દો .

(૨૨) સંવેદનશીલ બનો – “છુંદાયેલા બરુને  તે ભાંગી નાખશે નહી અને મંદમંદ સળગતી દિવેટને તે હોલવશે નહી” (યશાયાહ ૪૨:૩) સત્તા  લાલચુ અને આક્રમકતા જે દુન્યવી સરમુખત્યારશાહીનું લક્ષણ છે. તેનાથી વિપરીત ઇશ્વરનું રાજય એ હ્ધ્ય ભંગિત લોકોનું પુન:સ્થાપન અને સાજાપણુ છે. બીજાની જરૂરિપાત પ્રત્યે સંવેદનશીલ પુરુષ બનવા માટે પ્રાર્થના કરો.

(૨૩) સમજદાર બનો. – “ જુઓ,  વરુઓમાં ઘેટાંના  જેવા હું તમને મોકલું છું.  માટે  તમે સાપના જેવા હોંશિયાર, તથા કબુતરના જેવા સાલસ થાઓ.” (માથ્થી ૧૦:૧૬) સાપ સચેત છે અને તેના માથાનું રક્ષણ કરે છે. વિચારક બનો. તમારુ ધ્યાન અંનંતકાળ પર કેન્દ્રિત કરો. અને જે શાંન્તિ અને સ્વતંત્રતા જગત આપતી નથી તે તમે જાણશો. “ યહોવાનું ભય તે બુધ્ધિનો આરંભ છે ” (ગીતશાસ્ત્ર:૧૧૧:૧૦)

(૨૪) ઉત્પાદક બનો. – હું પાછો  આવુ ત્યાં લગી તેનો વહીવટ કરો. (લુક ૧૯:૧૩) આપણી પાસે જે કઇ છે. તે ઇશ્વરે આપણને સન્માન આપવાના હેતુથી સોંપ્યું છે. જીવનની સમય મર્યાદા છે. અને ખ્રિસ્તનું આગમન નિશ્ચિત છે. જે પહેલા આવે તે ધ્યાનમાં રાખ્યા વિના ઉત્પાદક બનો અને તમે જે છો તેનો  ઉપયોગ કરો અને તેના મહિમા માટે લાભો પેદા કરો.

(૨૫) જવાબદાર બનો. – “મારા મુખનાં વચન સાંભળીને મારા તરફથી તેમને ચેતવણી આપ. “(હઝ્કીએલ ૩:૧૭ ) ઇસુ ખ્રિસ્ત ના  શિષ્યો માટે ખ્રિસ્તનો છેલ્લો આદેશ (માથ્થી ૨૮:૧૮-૨૦)  મહાન આજ્ઞા હતી લોકોને પ્રભુની જરૂર છે. આધીન થવાની ઇચ્છા અને ખોવાયેલા  માટે હ્રદયના બોજ માટે પ્રાર્થના કરો. તમારા બાળકોને તમારા પ્રેમ અને વિશ્વાસના નમૂનાથી જીતો.

(૨૬) મિત્રતા રાખો – "નમ્ર  ઉત્તર કોધને શાંત કરી દે છે. પરંતુ કઠોર શબ્દો રીસ ચઢાવે  છે "(નિતીવચન ૧૫:૧) પુરુષો અમુક હોર્મોનને કારણે સ્ત્રીઓ કરતાં વધુ સહેલાઇથી ગુસ્સે થઇ જાય છે. તમારા હોર્મોનને બદલે ઇશ્વરના આત્માથી દોરાવા માટે પ્રાર્થના કરો. તેથી તમારા મિત્રો અને પરિવારને આશીર્વાદ મળશે .

(૨૭) સાચા બનો.- "પણ તમારુ બોલવું તે હાનું  હા ને નાનું ના હોય, કેમકે એ કરતાં અધિક જે કઇ છે તે

ભૂંડાથી છે". (માથ્થી ૫:૩૭) જયારે પ્રભુ ઇસુએ સાચું બોલવાની આજ્ઞા આપી ત્યારે તેમણે પ્રેમાળ અને ક્ષમાવાન બનવાનું પણ શીખવ્યું.  સત્ય અને પ્રેમ સાથે જવા જોઇએ. સત્ય જણાવવાનો સમય અને રીત જાણવા માટે પ્રાર્થના  કરો અને યાદ રાખો ,બધું જ સત્ય કહેવું જરૂરી નથી.

(૨૮) મજબૂત બનો.-  ન્યાયી  માણસ તાડની પેઠે ખીલશે (ગીતશાસ્ત્ર ૯૨:૧૨) તાડનું  ઝાડ પવન આવે ત્યારે ઝુકી  જાય છે. અને ફરીથી તેની મૂળ સ્થિતિમાં આવી જાય છે.  ખડક પર મજબૂત રીતે રહેવા માટે પ્રાર્થના કરો અને જીવનના તોફાનોમાં કેવી રીતે ઝુકવું તે શીખો.

(૨૯) ઉદાર બનો. – ગરીબ પર દયા રાખનાર યહોવાને  ઉછીનું આપે છે. તે તેને તેના સુકૃત્યનો  બદલો આપશે. ( નીતિવચન  ૧૯:૧૭) મુસ્લિમો બીજા ધર્મના લોકો કરતાં વધુ પૈસા દાનમાં આપે છે. પ્રાર્થના કરો કે ખ્રિસ્તનો  પ્રેમ તમારા હદય  અને હાથને જરૂરીયાતમંદ લોકો માટે ખોલે.

(૩૦) રૂપાંતરિત થાઓ.- "પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે  રૂપાંતર પામો જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો". (રોમન્૧૨:૨ ) આપણે ખ્રિસ્તમાં વિશ્વાસ થકી બચાવાયા છે. ઇશ્વરનો પવિત્ર આત્મા આપણામાં વસે છે. શિષ્યપણાનો પહેલો પાઠ પોતાનો નકાર કરવાનો છે  અથવા દેહનો નકાર કરવાનો છે. આત્માના સંકેત ને આધીન થાઓ તેને તમારું રૂપાંતર કરવા દો.

(૩૧)  આભારી બનો. – "સદા આનંદ કરો, નિત્ય પ્રાર્થના કરો, દરેક સંજોગમાં આભારસ્તુતી કરો. કેમકે તમારા વિષે ખ્રિસ્ત ઇસુમાં દેવની મરજી એવી છે." (૧થેસ્સાલોનિકીઓને ૫:૧૬-૧૮) ઘણા ખ્રિસ્તીઓ જીવનમાં લંગડાતા રહે છે. કારણ કે તેઓ કયારેય  ખ્રિસ્તના પ્રભુપણાને શરણે સંપુર્ણ રીતે જતા  નથી જયારે તમે તમારી ઇચ્છાને સમર્પિત કરો છો ત્યારે ઇસુ ખ્રિસ્ત તેમનું ભરપુર જીવનનું વચન તમારામાં પુર્ણ કરે એવી પ્રાર્થના કરો.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો- ઈન્ડિયા

પો.બો. નં.૨૦૩૬,ફતેગંજ,વડોદરા -390002

**M. No :9327621391**

**Free MP3 download: radio882.com,twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Gujarati internet FM Radio TWR : http://radio882.com/fmgujarati**

**Gujarati TV program: Gujarat First Channel, Time: 06:30 – 07:00 (Morning) ( Monday to Saturday)**